# સંસદમાં મડાગાંઠ હજુ પણ અકબંધ

## સુષ્મા, વસુંધરા, ચૌહાણના રાજીનામા પર કોંગ્રેસ મક્કમ

નવી દિલ્હી,તા.૨૩

સાંસદમાં ભારે ધાંધલ ધમાલનો દોર જારી રહેતા આજે પણ સાંસદની કામગીરી આવતીકાલ સુધી મોકૂફ કરી દેવામાં આવી હતી. કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેના રાજીનામાની માંગ ઉપર મક્કમ દેખાયા હતા. જેના પરિણામ સ્વરુપે આજે પણ ભારે હોબાળો જારી રહ્યો હતો અને સંસદની કામગીરી હાથ ધરાઈ ન હતી. લોકસભા અને રાજયસભા બંનેને મોકૂફ કરવાની ફરજ પડી હતી. કોંગ્રેસના નેતા આનંદ શર્મા નરેન્દ્ર મોદી સરકારની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, સંસદમાં ચર્ચાની ઓફરને ફગાવી દેવામાં આવી છે. આનંદ શર્માએ કહ્યું હતું કે, સરકારના વલણને જોતા વિપક્ષ વિચારતું નથી કે, ચર્ચાથી કોઈ બાબતનો ઉકેલ આવી શકશે. સુષ્મા સ્વરાજ કબૂલાત કરી ચુક્યા છે કે, તેઓએ બ્રિટનના હાઈકમિશનર સાથે વાતચીત કરી હતી. જો તેઓ કબૂલાત કરી ચુક્યા છે તો ચર્ચા માટે કોઈ પ્રશ્ન નથી. હવે સીધા પગલા લેવા જોઈએ. અમારી જે માંગ છે તેને લિને વડાપ્રધાન મૌન છે. જેથી વિરોધ



પક્ષોએ સંસદની કામગીરી આગળ વધે તેવા પ્રયાસ શા માટે કરવા જોઈએ. આનંદી શર્માએ કહ્યું હતું કે, વડાપ્રધાને આગળ આવીને અમારી માંગનો જવાબ આપવો જોઈએ. સાથે સાથે જવાબદારી નક્કી કરવી જોઈએ. માત્ર ચહેરો બતાવવાથી કામ ચાલશે નહીં. અમે આ વાત સ્વીકારવા તૈયાર નથી કે, મોદી જે થઈ રહ્યું હતું તેનાથી વાકેફ ન હતા. લલિત મોદીને પણ તેઓ સારી રીતે જાણતા હતા. જવાબદારીનો મતલબ અરુણ જેટલી સારીરીતે સમજી શકે છે. વિરોધ પક્ષ પોતાની માંગને લઈને ઝુંકવા માટે તૈયાર નથી. આવી સ્થિતિમાં હોબાળો યથાવતરીતે જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. સંસદ સત્ર શરૂ થયા બાદથી હોબાળો યથાવતરીતે જારી રહ્યો છે. રાજ્યસભાને આવતીકાલ સુધી મોકૂફ કરવામાં આવી હતી. ભાજપના સાંસદો દ્વારા પણ આક્ષેપો કરવામાં આવ્યા હતા. બીજી બાજુ કેન્દ્રીયપ્રધાન વેંકૈયા નાયડુએ સંસદની કામગીરી ખોરવી નાંખવા બદલ વિપક્ષની ઝાટકણી કાઢી હતી. નાયડુએ કહ્યું હતું કે, કોઈપણ પ્રધાનના રાજીનામાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જો વિપક્ષ સંસદની કામગીરીને ખોરવશે તો આ દુખદ બાબત છે. ભૂતકાળમાં જે કોંગ્રેસે કરેલું છે તે બાબત દેશ જોઈ ચુકી છે જેથી વિપક્ષે આત્મમંથન કરવાની જરૂર છે. સુષ્મા સ્વરાજ પોતે યોગ્ય સમયે નિવેદન કરશે. લોકસભાના અધ્યક્ષ સુમિત્રા મહાજને સંસદની કાર્યવાહીને રોકવા બદલ કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, કેમેરા ઉપર વિપક્ષના દેખાવોને દર્શાવવામાં આવશે નહીં. મહાજને કહ્યું હતું કે, કોંગ્રેસે એવું કોઈ વલણ અપનાવ્યું નથી જેનું પ્રસારણ કરી શકાય. જો કે, સ્પીકરે આશા વ્યક્ત કરી હતી કે, મડાગાંઠનો અંત આવી જશે અને સંસદની કામગીરી યોગ્ય દિશામાં આગળ વધશે. લોકસભામાં કાર્યવાહી દરમિયાન ભાજપના નેતા અર્જુન રામ મેઘવાલે રોબર્ટ વાઢેરાનો મુદ્દો ઉઠાવ્યો હતો. કોંગ્રેસના વડા સોનિયા ગાંધીના જમાઈ સામે વિશેષાધિકાર ભંગની નોટિસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. લોકસભા આવતીકાલ સુધી મોકૂફ કરી દેવામાં આળી હતી. રાજ્યસભામાં પણ આવી જ સ્થિતિ રહી હતી. ભારે ધાંધલ ધમાલનો દોર યથાવતરીતે જારી રહ્યો હતો. પ્રધાનો અને મુખ્યમંત્રી રાજીનામુ આપશે તો જ ચર્ચા થઈ શકે છે તેવો અભિપ્રાય સીપીએમના નેતા સીતારામ યેચુરીએ કહ્યું હતું.

## મોદીની વિશ્વસનીયતા સતત ઘટી રહી છે : રાહુલનો દાવો

નવીદિલ્હી,તા. ૨૩

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ પણ આજે મોદી સરકાર ઉપર જોરદાર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, વડાપ્રધાન દેશને કહેતા આવ્યા છે કે, ન મે ખાઉંગા ન ખાને દુંગા પરંતુ હવે તેમની વિશ્વસનીયતા દિનપ્રતિદિન ઘટી રહી છે. વ્યાપમ કૌભાંડને લઈને વડાપ્રધાન કોઈપણ પ્રકારની વાત કરી રહ્યા નથી. જેમાં ૪૦ લોકોના મોત થઈ ગયા હતા. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, આ ખુબ જ ગંભીર મામલો હોવા છતાં મોદી બિલકુલ મૌન પાળી રહ્યા છે. રાહુલે એમ પણ કહ્યું હતું કે, સુષ્મા સ્વરાજ પ્રધાન છે અને તેઓ ગુનો કરી ચુક્યા છે. જ્યારે તમે કોઈ ગુનો કર્યો છે ત્યારે તેની સજા થવી જોઈએ. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, ભારતના વડાપ્રધાન તરીકે હવે મોદી છે. ભાજપના વડાપ્રધાન તરીકે નથી. આવી સ્થિતિમાં પગલા લેવામાં આવે તે જરૂરી છે. રાહુલે કહ્યું હતું કે, વ્યાપમ કૌભાંડને લઈને મોદી મૌન કેમ દેખાઈ રહ્યા છે. રાહુલે આક્ષેપ કરતા કહ્યું હતું કે, સુષ્મા સ્વરાજ ભાગેડુ લલિત મોદીની મદદ કરીને ગુનેગારી કૃત્ય કર્યું છે. રાહુલે વડાપ્રધાનને કહ્યું હતું કે, તમે દેશના વડાપ્રધાન છો. પગલા લઈ શકાય છે. ભ્રષ્ટાચાર અંગે તમે પહેલા શું વાત કરી હતી અને હવે મૌન કેમ જાળવી રહ્યા છો. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, કેટલીક બાબતો જેનો કોઈ મતલબ નથી પરંતુ વડાપ્રધાને તેમના વચનો પાળવા જોઈએ.વિરોધ પક્ષો લોકસભાની બહાર અને અંદર દેખાવો કરી રહ્યા છે. નરેન્દ્ર મોદીની કામ કરવાની પદ્ધતિથી નારાજગી દેખાઈ રહી છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે, લોકસભાની અંદર વિપક્ષના દેખાવોને કેમેરા પર દર્શાવવામાં આવી રહ્યા નથી. રાહુલ ગાંધીએ આજે આક્રમક નિવેદન કર્યું હતું. દરમિયાન રાજ્યસભામાં પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ કહ્યું હતું કે, કોઈપણ પ્રધાન રાજીનામુ આપશે નહીં. સરકાર કોઈપણ મામલા પર ચર્ચા માટે તૈયાર છે.

## બિહાર માટે શ્રેણીબદ્ધ નવી જાહેરાતો કરાશે

### ૨૫મી જુલાઈ પહેલા બિહારની સાથે સંબંધિત ઘણા ફેંસલાને આખરી ઓપ અપાય તેવી સંભાવના : આશરે એક ડઝન દરખાસ્તની કેબિનેટ નોંધ તૈયાર

નવી દિલ્હી,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫મી જુલાઈના દિવસે બિહારમાં ચૂંટણી પ્રચાર માટેનુ રણશિંગુ ફુંકનાર છે. મોદીની બિહાર યાત્રાને લઈને તમામ તૈયારી કરવામાં આવી રહી છે. મોદીના કાર્યક્રમને લઈને તમામ તૈયારીમાં પક્ષના કાર્યકરો અને ટોપના નેતાઓ લાગેલા છે. મોદીની રેલીને સફળ બનાવવા માટે આયોજન કરવામાં આવી રહ્યા છે. આના માટે સરકારની અંદર બિહાર સાથે જોડાયેલા પ્રધાનો અને સરકારના રણનિતીકાર પણ તૈયારીમાં લાગેલા છે. મોદી ૨૫મી જુલાઈના દિવસે બિહારમાં પેકેજની જાહેરાત કરી શકે છે. સુત્રોએ કહ્યું છે કે બિહારની સાથે જોડાયેલા જુદા જુદા મંત્રાલયના એક ડઝન જેટલા પ્રસ્તાવ કેબિનેટ નોંધ માટે તૈયાર છે. આગામી બુધવારથી આ પ્રોજેક્ટોને તબક્કાવારરીતે મંજૂરી આપવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે. સુત્રોએ કહ્યું છે કે બિહારમાં ફુડ પાર્ક ખોલવાની પ્રક્રિયા પણ ચાલી રહી છે. ઉપરાંત મોદીના પ્રવાસ પહેલા પાવર અને માર્ગ સાથે જોડાયેલા પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવે તેવી શક્યતા છે. પીએમઓના સુત્રોના



જણાવ્યા મુજબ અંદાજ કરતા બિલકુલ વિરુદ્ધ મોદી મુજફફરપુરમાં એનડીએની રેલીમાં કોઈ મોટી જાહેરાત કરે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. સુત્રોએ કહ્યું છે કે ચૂંટણી પહેલા ૫૦ હજાર કરોડના બિહાર સાથે જોડાયેલા પ્રોજેક્ટ પાસ કરવામાં આવશે અથવા તો ફરીથી લોંચ કરવામાં આવનાર છે. પરંતુ આને જુદી રીતે પેકેજ તરીકે જાહેર કરવામાં આવશે નહી. કેટલીક યોજના એવી પણ છે જે વર્ષોથી પાસ થઈ ચુકી છે પરંતુ ટેકનિકલ કારણોસર આ યોજના શરૂ કરવામાં આવી નથી. જો કે ભાજપના નેતાઓનુ કહેવુ છે કે મોદી બિહારની યાત્રા દરમિયાન કેટલીક નવી જાહેરાત ચોક્કસપણે કરીને લોકોનુ ધ્યાન ખાસ રીતે ખેંચે. બિહાર માટે કેટલીક યોજના તૈયાર છે. ભાજપ નેતા અને કેન્દ્રીય પ્રધાન પ્રયાસ કરી રહ્યા છે કે, બિહારમાં એક દિવસના પ્રવાસ દરમિયાન મોદી ઓછામાં ઓછી એક યોજનાની વિધિવત જાહેરાત કરે તે લગભગ તૈયાર કરી લેવામાં આવી છે. આઈઆઈટી અને એમ્સ જેવા પ્રોજેક્ટોના ઉદ્દ્ઘાટનની સંભાવના દેખાઈ રહી નથી. મોતીહારી અને નાલંદામાં સેન્ટ્રલ યુનિવર્સિટી ખોલવાની જાહેરાતની સાથે જ બંને જગ્યાઓ ઉપર એજ્યુકેશન હબ બનાવવાની ઘોષણા કરવામાં આવી શકે છે. ભાગલપુર અને મુઝફ્ફરપુરમાં સોફ્ટવેર પાર્ક ખોલવામાં આવશે.

## લિવ ઈન રિલેશનશીપ કોઈ ગુનો નથી : સુપ્રીમનું તારણ

નવીદિલ્હી,તા. ૨૩

સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ તારણ આપતા આજે જણાવ્યું હતું કે, લિવ ઈન રિલેશનશીપ સમાજમાં હવે સ્વીકાર થઈ રહ્યા છે અને તેને અપરાધ તરીકે ગણવાની બાબત બિલકુલ યોગ્ય દેખાતી નથી. જસ્ટિસ દિપક મિશ્રા અને જસ્ટિસ પ્રફુલસિંહ પંથના નેતૃત્વમાં સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું છે કે, નવા જમાનામાં સમાજે આ પ્રકારના સંબંધોને સ્વીકારી લીધા છે. લિવ ઈન રિલેશનશીપ હવે કોઈ અપરાધ નથી. સુપ્રીમ કોર્ટે સરકારને પ્રશ્ન કરતા કહ્યું છે કે, જાહેર જીવનથી જોડાયેલી વ્યક્તિના લિવ ઈન રિલેશનને જાહેર કરવાથી તેને કોઈ નુકસાન થશે કે કેમ તે અંગે માહિતી આપવા કેન્દ્ર સરકારને સુપ્રીમ કોર્ટે પ્રશ્ન કર્યો છે. એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ કોર્ટના પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, લોકોને જાહેર જીવન સાથે જોડાયેલી લોકોની અંગત લાઈફમાં ધ્યાન આપવાની કોઈ જરૂર નથી. આ પ્રકારની બાબત બિલકુલ યોગ્ય નથી. લોકોની અંગત લાઈફમાં ધ્યાન આપવાની બાબત કોઈ જનહિતનું કામ નથી. આ મામલામાં અરજીદારો બદનક્ષીના અપરાધિક કાયદાને રદ કરવાની માંગ કરી રહ્યા છે. આ સંદર્ભમાં એટર્ની જનરલે કહ્યું હતું કે, એમ કરવાથી સમાજમાં અરાજકતાની સ્થિતિ ઉભી થઈ જશે. ફોજદારી બદનક્ષીના કાયદાને રદ કરવાની માંગ કરી રહેલા અરજીદારોની રજૂઆતને ફગાવી દેવામાં આવી હતી. એજીએ ભારપૂર્વક કહ્યું હતું કે, કાયદાને દૂર કરવાથી અરાજકતાની સ્થિતિ સર્જાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આધુનિક સમયમાં પારસ્પરિક સંબંધથી લિવ ઈન સંબંધો વધારે જોવા મળી રહ્યા છે. આ પ્રકારના સંબંધોને સ્વીકાર પણ કરવામાં આવી રહ્યા છે. આવનાર સમયમાં આને વધુ પ્રોત્સાહન પણ મળી શકે છે.

## વિદ્યાર્થીઓમાં સીએ કોર્સ માટેનો ક્રેઝ વધી રહ્યો છે

ચેન્નાઈ,તા. ૨૩

ભારતમાં છેલ્લા થોડાક વર્ષોમાં સીએમાં મહિલાઓનો ક્રેઝ વધી રહ્યો છે. આના માટે અનેક કારણો જવાબદાર રહ્યા છે. સીએના પ્રોફેશનમાં હવે મહિલાઓ ઝડપથી આગળ આવી રહી છે. મળેલા આંકડા આ મુજબની વાત કરે છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા દ્વારા યોજવામાં આવનાર સીએ કોર્સ માટે સીપીટીમાં નોંધણી માટે મહિલાઓની સંખ્યામાં છેલ્લા બે વર્ષના ગાળામાં ૫૧ ટકા સુધી વધારો થયો છે. વર્ષ ૨૦૧૨માં સંખ્યા ૨૭૮૮૪ હતી જે વધીને વર્ષ ૨૦૧૩માં ૩૩૪૬૦ ઉપર પહોંચી ગઈ હતી અને આ સંખ્યા વર્ષ ૨૦૧૪માં ૪૧૯૫૭ સુધી પહોંચી ગઈ હતી. સામાન્ય રીતે તમામ પ્રોફેશનલ કોર્સમાં મહિલાઓ સક્રિયરીતે આગળ આવી રહી છે. સીએ કોર્સમાં પણ આવી જ સ્થિતી છે. કારણ કે આ ક્ષેત્રમા હાલ નોકરીની તક સતત વધી રહી છે. સારા પગાર ઓફર વિવિધ કંપનીઓ દ્વારા ભારત અને વિદેશમાં કરવામાં આવી રહી છે. જેથી મહિલાઓ પણ આમાં આગળ આવી છે. આઈસીએઆઈના પ્રમુખ કે. રઘુ દ્વારા માહિતી આપતા જણાવાયું છે કે મહિલાઓ પણ હવે આગળ આવી રહી છે. ભારતમાં સીએ પૈકી મહિલાઓની ટકાવારી ૨૨ ટકાની આસપાસ છે. આ સંખ્યા આવનાર દિવસોમાં સતત વધી શકે છે. કારણ કે મહિલાઓનો ક્રેઝ આમાં વધી રહ્યો છે. તેમણે કહ્યું હતું કે સીઈમાં મહિલાઓ આગળ આવવા માટે અન્ય કારણો પણ છે. આઈસીએઆઈના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૨માં કુલ મેમ્બરશીપ પૈકી મહિલા સીઈએનો આંકડો ૨૦ ટકા હતો. જે વર્ષ ૨૦૧૩માં વધીને ૨૧ ટકા થયો હતો અને નવેમ્બર ૨૦૧૪માં આ આંકડો ૨૨ ટકા સુધી વધી ગયો હતો. હાલમાં ૫૦૦૦૦ મહિલા સીએ છે. નિષ્ણાતો કહે છે કે રોજગારી માટે હવે શિક્ષણ મહત્વપૂર્ણ ચે તેવી સ્થિતીમાં તમામ મહિલાઓ પણ શિક્ષણના મહત્વને સમજવા લાગી ગઈ છે.

**હિંસાગ્રસ્ત વિસ્તારમાં શાંતિ રહી**

## જમશેદપુરમાં કર્ફ્યુમાં વધારે છુટછાટ અપાઈ

જમશેદપુર,તા. ૨૩

જમશેદપુરમાં કોમી હિંસાના બનાવ બાદ શાંતિ સ્થાપિત થતાં આજે સંચારબંધીમાં વધુ રાહત આપવામાં આવી હતી. સોમવારના દિવસે બે સમુદાય વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. સ્થિતિમાં વધારે સુધારો થતા આજે સંચારબંધીમાં સવારે આઠથી ૧૦ વાગ્યા સુધી અને ત્યારબાદ બપોરે બે વાગ્યાથી પાંચ વાગ્યા સુધી રાહત અપાઈ હતી. માંગો, આઝાદનગર, એમજીએમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વધુ રાહત આપવામાં આવી હતી. શહેરમાં બાકીના વિસ્તારમાં સંચારબંધીને સવારે ૧૦ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી રાહત અપાઈ હતી. પોલીસ અધિકારીના કહેવા મુજબ સ્થિતિમાં હવે સુધારો થઈ રહ્યો હતો. જમશેદપુર અને આસપાસના વિસ્તારોમાં હિંસક અથડામણ સોમવારના દિવસે ભડકી ઉઠી હતી. બે સમુદાયના લોકો નજીવી બાબતે આમને સામને આવી ગયા હતા. હિંસાના છુટા છવાયા બનાવ કરતા મેંગો વિસ્તારમાં પરિસ્થિતિ શાંતિપૂર્ણ રહી હતી. પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે, વધારાના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. સીઆરપીએફ દ્વારા ફ્લેગમાર્ગ પણ યોજવામાં આવી છે. અથડામણના સંબંધમાં ૧૦૩ લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે.

## માલિવાલ નિમણૂંકની ફાઈલ આખરે જંગને મોકલી દેવાઈ

નવી દિલ્હી,તા. ૨૩

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ આજે કહ્યું હતું કે, આમ આદમી પાર્ટી સરકારે દિલ્હી કમિશન ફોર વુમન (ડીસીડબલ્યુ)ના વડા તરીકે સ્વાતિ માલિવાલની નિમણૂંક સાથે સંબંધિત ફાઈલ લેફ્ટી ગવર્નર નજીબ જંગને મોકલી દીધી છે. સિસોદિયાએ કહ્યું હતું કે, તેમના હસ્તાક્ષર માટે લેફ્ટી ગવર્નરને ફાઈલ મોકલી દેવામાં આવી છે. અમે આને મુદ્દો બનાવવા માંગતા નથી. ડીસીડબલ્યુના વડા તરીકે માલિવાલની નિમણૂંકને લઈને હાલમાં જ હોબાળો મચી ગયો હતો. તેમની નિમણૂંકને લઈને લેફ્ટી ગવર્નર નજીબ જંગ અને કેજરીવાલ સરકાર આમનેસામનેઆવી ગઈ હતી. માલિવાલનો દાવો છે કે, તેમની ઓફિસથી તમામ ફાઈલો લઈ લેવામાં આવી છે. માલિવાલે ગઈકાલે રાત્રે કહ્યું હતું કે, લેફ્ટી ગવર્નર નજીબ જંગની ઓફિસે તેમની ઓફિસ સાથે વાતચીત કરીને આવતીકાલથી ઓફિસ નહીં આવવા માલિવાલને સૂચના આપવા કહેવામાં આવ્યું હતું. દિલ્હી કમિશન ઓફ વુમન (ડીસીડબ્લ્યુ) તરીકે સ્વાતિ માલિવાલની નિમણૂંક સામે વાંધો ઉઠાવતા દિલ્હીના લેફ્ટી ગવર્નર નજીબ જંગે ગઈકાલે કહ્યું હતું કે, આ મામલો બિલકુલ અયોગ્ય છે. દિલ્હીમાં સરકારની બંધારણીય પરિભાષે લેફ્ટી ગવર્નર છે. જંગે પત્ર લખીને કહ્યું છે કે, રાષ્ટ્રીય પાટનગર પ્રદેશના સંબંધમાં સરકારનો મતલબ લેફ્ટી ગવર્નર હોય છે. રાષ્ટ્રપતિ દ્વારા લેફ્ટી ગવર્નરની નિમણૂંક કરવામાં આવે છે. આરટીઆઈ કાર્યકર અને એએપીના નેતા નલીન જયહિંદના પત્નિ માલીવાલની નિમણૂંક સોમવારના દિવસે ડીસીડબલ્યુના ચેરમેન તરીકે કરવામાં આવી હતી. એએપીએ આક્ષેપ કર્યો છે કે, નજીબ જંગ ભાજપના એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે. અગાઉ એન્ટી કરપ્શન બ્રાંચના અધિકારીઓની નિમણૂંકને લઈને ભારે હોબાળો થઈ ચુક્યો છે. ચાવીરુપ અધિકારીઓની નિમણૂંક કરવા જંગને સત્તાઓને લઈને પણ ખેંચતાણ રહી ચુકી છે. દિલ્હીના લેફ્ટી ગવર્નર દ્વારા હવે સ્વાતિ માલિવાલની નિમણૂંકને રદ કરતા ખેંચતાણ વધી ગઈ છે.

## ચિત્રાંગદાને આઈટમ સોંગ કરવા માટેની સતત ઓફર

મુંબઈ,તા. ૨૩

બોલિવુડમાં ફિલ્મો ફ્લોપ થઈ રહી હોવા છતાં ચિત્રાંગદા ને સતત ફિલ્મો મળી રહી છે. જો કે તેને આઈટમ સોંગની વધારે ઓફર કરવામાં આવી રહી છે. મોટી ફિલ્મો મળી રહી નથી. જેથી તેની વધી ગઈ છે. આ સેક્સી સ્ટારને આઈટમ સોંગ કરવાની સૌથી વધારે ઓફર મળી રહી છે. છેલ્લે અક્ષય કુમારની ગબ્બર ફિલ્મમાં પણ તે આઈટમ સોંગમાં નજરે પડી હતી. ઈન્કાર



ફિલ્મને નિષ્ફળતા હાથ લાગી હોવા છતાં અભિનેત્રી ચિત્રાંગદાની લોકપ્રિયતા દિનપ્રતિદિન વધી છે. લોકપ્રિય હોવા છતાં પડકારરૂપ રોલ તેને મળી રહ્યા નથી. ચિત્રાંગદા વિતેલા વર્ષોની સ્ટાર અભિનેત્રી શ્રીદેવીની ખૂબ મોટી ચાહક તરીકે રહી છે. તાજેતરમાં જ શ્રીદેવીના સૌથી લોકપ્રિય ડાન્સ નંબર નજાને કહા સે આઈ હૈ ઉપર ચિત્રાંગદાએ પરફોર્મ કરીને તમામ લોકોને ચોંકાવી દીધા હતા.ચિત્રાંગદાનું કહેવું છે કે નવી ફિલ્મમાં તેનું આ ગીત ફિલ્મની પટકથા મુજબ ઉમેરવામાં આવ્યું હતુ. તે હવે પોતાની આગામી ફિલ્મને લઈને આશાવાદી બનેલી છે.ચિત્રાંગદા શિરીષ કુંદરની ફિલ્મ જોકરમાં નજરે પડી હતી, તેના આઈટમ સોંગે લોકપ્રિયતા જગાવી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર ફ્લોપ રહી હતી. ચિત્રાંગદાની લોકપ્રિયતા વધી હતી. તેની પાસે અન્ય નાની ફિલ્મો પણ છે પરંતુ હાલમાં તે એક્ટિંગ કુશળતા પર ધ્યાન આપે છે. અભિનેત્રી ચિત્રાંગદાએ પ્રથમ કોમર્શિયલ ફિલ્મ દેશી બોય્ઝ કરી હતી જે ૨૦૧૧માં રજુ થઈ હતી. હિન્દુ જાટ પરિવારમાં જન્મેલી ચિત્રાંગદા ફેશનની દુનિયા સાથે જોડાયેલી રહી છે. ચિત્રાંગદાએ ૨૦૧૩માં પતિ સાથે છૂટાછેડા લીધા હતા.

**સુપ્રીમ કોર્ટ સમક્ષ યાકૂબ મેમણની અરજી**

## મુંબઈ બ્લાસ્ટમાં ડેથ વોરંટ રદ કરવાની યાકૂબની માંગ

નવી દિલ્હી,તા. ૨૩

વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બ્લાસ્ટ કેસમાં મૃત્યુ દંડની સજાનો સામનો કરી રહેલા અપરાધી યાકુબ અબ્દુલ રઝાક મેમણે આજે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરીને ૩૦મી જુલાઈના દિવસે તેને આપવામાં આવનાર તેની ફાંસીની સજા ઉપર સ્ટે મુકવાની વિનંતી કરી હતી. પોતાની અરજીમાં મેમણે કહ્યું છે કે, તમામ કાયદાકીય પ્રક્રિયા પુરી કરવામાં આવી નથી. દયાની અરજી માટે મહારાષ્ટ્રના રાજ્યપાલ સમક્ષ અરજી થયેલી છે. ક્યુરેરિટવ અરજીને ફગાવી દેવામાં આવ્યા બાદ મહારાષ્ટ્રના રાજ્યપાલ સમક્ષ અરજી કરવામાં આવી હતી. ૨૧મી જુલાઈના દિવસે ચીફ જસ્ટિસ એચએલ દત્તુના નેતૃત્વમાં ત્રણ જજની બેંચે મેમણની અરજીને ફગાવી દીધી હતી અને કહ્યં હતું કે, તેના દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો ક્યુરેટિવ અરજી અંગે નિર્ણય કરવા વર્ષ ૨૦૦૨માં સુપ્રીમ કોર્ટ દ્વારા રજૂ કરવામાં આવેલી શરતોની અંદર આવતી નથી. પોતાની અરજીમાં મેમણે એવો દાવો પણ કર્યો છે કે, તે કેટલીક બિમારીથી ગ્રસ્ત છે. આ વર્ષે ૯મી એપ્રિલના દિવસે સુપ્રીમ કોર્ટે તેની સમીક્ષા અરજીને પણ ફગાવી દીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૨ વર્ષ જુના મુંબઈ બ્લાસ્ટ કેસમાં કોઈ આરોપીને પ્રથમ વખત ફાંસી આપી દેવામાં આવનાર છે. મહારાષ્ટ્રની રાજ્ય સરકાર તરફથી યાકુબ મેમણના પરિવારના સભ્યોને ફાંસીની તારીખ અંગે જાણ કરી દેવામાં આવી છે. વર્ષ ૧૯૯૩ના સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં ૨૬૦ લોકોના મોત થયા હતા અને ૭૧૩ લોકો ઘાયલ થયા હતા. યાકુબની રિવ્યુ પિટિશન કોર્ટ દ્વારા નવમી એપ્રિલના દિવસે ફગાવી દેવામા આવી હતી. ત્યારબાદ મહારાષ્ટ્ર સરકારે ટાડા કોર્ટ પાસેથી તેને ફાસી આપવાની મંજૂરીની પ્રક્રિયા હાથ ધરી હતી. ટાડા અદાલતે તેને ફાંસી પર લટકાવી દેવા માટે વોરંટ જારી કરી દીધુ હતુ. ૫૩ વર્ષીય યાકુબને ટાડા કોર્ટે ૨૭મી જુલાઈ ૨૦૦૭નાદિવસે અપરાધિક કાવતરાનાં દોષિત ઠેરવીને મૃત્યુદંડની સજા ફટકારી હતી. ત્યારબાદ મુંબઈ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ તેમજ રાષ્ટ્રપતિ સુધી તેનો મામલો પહોંચ્યો હતો. અલબત્ત યાકુબ દ્વારા ક્યુરેટિવ અરજી દાખલ કરવામાં આવી હતી. જેના પર આજે ચુકાદો આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકા મુજબ કોઈ પણ અપરાધીને ફાંસી આપતા પહેલા તેના પરિવારને ૧૫ દિવસ પહેલા જાણ કરવામાં આવે છે. યાકુબ મેમણ મામલામાં ચર્ચા વિચારણાનો દોર શરૂ થઈ ગયો છે. આ બ્લાસ્ટ મૂળભૂત રીતે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમના ઈશારે કરવામાં આવ્યા હતા. આમાં અનેક અપરાધિઓના નામ ખુલ્યા હતા. સમગ્ર મામલાને લઈને લાંબી તપાસ ચાલી હતી. આખરે હવે પ્રથમ અપરાધિને ફાંસી આપવામાં આવનાર છે. ૧૯૯૩ બ્લાસ્ટ કેસમાં આ પ્રથમ ફાંસી થશે.

**સક્રિય ગેંગ દ્વારા સોશિયલ મીડિયાનો દુરુપયોગ**

## ગુનાઓ અને વેશ્યાવૃત્તિમાં યુવતિઓને ધકેલવા પ્રયાસો

નવી દિલ્હી,તા. ૨૩

વિશ્વભરમાં અતિ લોકપ્રિયતા ધરાવનાર ફેબસુક અને અન્ય સોશિયલ મિડિયાનો ઉપયોગ જુદી જુદી ગેંગ દ્વારા ખતરનાક રીતે કરવામાં આવી રહ્યો છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે મહિલાઓને જુદી જુદી આકર્ષક લાલચ આપીને ક્રાઈમ અને વેશ્યાવૃતિમાં મહિલાોને ધકેલી દેવાના પ્રયાસો ગેંગ દ્વારા કરવામાં આવી રહ્યા છે. થોડાક સમય પહેલા યુરોપિયન પોલિસિંગ એજન્સી યુરોપોલમાં આ મુજબનો ચોંકવાનારો ધડાકો કરવામાં આવ્યો હતો. યુરોપોલના વડા રોબ વેનરાઈટે કહ્યું હતું કે ચાઈલ્ડ કેર માટે અન્ય સારા કામ માટે જાહેરાતો આપવામાં આવે છે. આ જાહેરાતો મારફતે જરૂરીયાતમંદ મહિલાઓ અને યુવતિઓને સકંજામાં લેવાના પ્રયાસ કરવામાં આવે છે. એક વખતે કોઈ મહિલા અથવા તો યુવતિ ફસાઈ ગયા બાદ તેને છટકી જવાની કોઈ તક મળતી નથી. રશિયા, બલ્ગેરિયા, હંગેરી, રોમાનિયા, જર્મની અને નેધરલેન્ડ જેવા દેશમાંથી આશરે ૫૦૦૦૦ મહિલાઓને શિકાર બનાવી દેવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે. વિશ્વના દેશોમાં હાલમાં સોશિયલ મિડિયાની બોલબાલા વધી રહી છે. આવી સ્થિતીમાં જુદી જુદી કુખ્યાત ગેંગ પણ સક્રિય થઈ ગઈ છે. આ ગેંગ યુવતિઓ અને મહિલાઓને ટાર્ગેટ બનાવે છે. એક વખતે આ મહિલાઓ આવી ગયા બાદ તેમને જુદા જુદા ક્રાઈમ અને વેશ્યાવૃતિમાં ધકેલી દેવામાં આવે છે. જેના મારફતે તેમનુ મોડેથી શોષણ કરવામાં આવે છે. ત્યારબાદ આવી ટોળકી જંગી કમાણી કરે છે.આ પ્રકારની પ્રવૃતિ હાલ વધી રહી છે.સોશિયલ મિડિયાને લઈને સાવધાન થવાની જરૂર છે.